ડો. આંબેડકર આવાસ યોજના હેઠળ મકાન
સહાય ચુકવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: અબડ-૧૦૨૦૦૩-૧૩૦૩-હ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૧૫-૪-૦૮

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૮-૬-૨૦૦૫ નો ઠરાવ ક્રમાંક:અબડ-૧૦૨૦૦૩-૧૩૦૩-હ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૭-૨-૨૦૦૬ નો ઠરાવ ક્રમાંક:અબડ-૧૦૨૦૦૩-૧૩૦૩-હ

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨-૭-૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક:અબડ-૧૦૨૦૦૩-૧૩૦૩-હ

પ્રસ્તાવના:-

રાજયમાં અનુસૂચિત જાતિના લોકો માટે વ્યકિતગત ધોરણે મકાન સહાય આપવા માટેની ડો.આંબેડકર આવાસ યોજનાનો સંકલીત ઠરાવ ઉકત સંદર્ભ (૧) હુકમથી બહાર પાડવામાં આવેલ છે. અને તેમાં સંદર્ભ -૨ અને ૩ માં દર્શાવેલ હુકમોથી કેટલાક સુધારાઓ બહાર પાડવામાં આવેલ છે. આ યોજનાની કેટલીક જોગવાઈઓના અમલમાં વિસંગતતાઓ / મુશ્કેલીઓ જણાતી હોઈ તેવી જોગવાઈઓ સુધારવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે ડો. આંબેડકર આવાસ યોજના હેઠળ મકાન સહાય ચુકવવાની હયાત જોગવાઈઓમાં નીચે મુજબના સુધારા કરવાનુ આથી ઠરાવવામાં આવે છે.

૧. ઉકત સંદર્ભ (૧) માં દર્શાવેલ હુકમના પારા ૬ (૧) માં જણાવ્યા મુજબ આ યોજનાનાં અમલીકરણ માટે જીલ્લા કક્ષાએ રચવામાં આવેલી લાભાર્થીઓની પસંદગી માટેની સમિતિ આથી રદ કરવામાં આવે છે અને આ યોજના અન્વયે

લાભાર્થીઓને સહાય મંજુર કરવાની કાર્યવાહી નીચે મુજબ કરવા આથી ઠરાવવામાં આવે છે.

(૧) શહેરી વિસ્તાર માટે આ સહાય મંજુર કરી ચુકવવાની કાર્યવાહી સબંધિત જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી (વર્ગ-૧) એ કરવાની રહેશે.

(૨) ગ્રામ્ય વિસ્તાર માટે આ સહાય મંજુર કરી ચુકવવાની કાર્યવાહી સબંધિત જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી પંચાયતે કરવાની રહેશે.

૨. ઉકત સંદર્ભ (૧) માં દર્શાવેલ ઠરાવના પારા-૬ (૨) માં જણાવ્યા મુજબ આ યોજના અન્વયે લાભાર્થીઓની અરજીઓ મેળવવા જે તે નાણાકીય વર્ષ પહેલાં ડિસેમ્બર માસમાં જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી દવારા જાહેરાત આપી ૩૦ દિવસની મર્યાદામાં સહાય માટેની અરજીઓ મંગાવવાની જે જોગવાઈ કરેલ છે, તે આથી રદ કરવામાં આવે છે. હવે આ યોજના હેઠળ સહાય માટેની અરજીઓ ઉકત પારા ૧ (૧) અને (૨) માં જણાવ્યા મુજબના અધિકારીઓને વર્ષ દરમ્યાન ગમે ત્યારે કરી શકશે.

૩. ઉપર પારા-(૨) માં જણાવ્યા મુજબ સહાય માટે મળેલ અરજીઓ પરત્વે, પાત્રતાના ધોરણે અરજીઓ મળે તેના ક્રમાનુસાર નિયત રજીસ્ટરમાં નોંધીને સહાય મંજુર કરવાની કાર્યવાહી સબંધિત અધિકારીએ કરવાની રહેશે.

ઉકત સંદર્ભ (૧) અને (૨) ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

સફાઈ કામદાર વિકાસ નિગમ લિ. ગાંધીનગર દવારા સફાઈ કામદારો માટેની આવાસ યોજના અમલમાં છે તેવાને પણ આ ઠરાવની જોગવાઈઓ લાગુ પડશે

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શામજી ભાઈ પટેલ)
સંયુકત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
- માન. રાજયપાલશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર